અપીલ અરજી નં.૩૮૩ તા.૧–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદની તા.૧૮–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ વેસ્ટઝોનના વિસ્તારમાં રોડ સાથે જગ્યા છોડયા વગર છેલ્લા પાંચ વર્ષમાં જેટલા બાંધકામ થયા તેની યાદી આપવી. મુદ્દા નં.ર વેસ્ટઝોનના વિસ્તારમાં જયાં **L** આકારના બે રોડ આવતા હોય ત્યાં છેલ્લા પાંચ વર્ષમાં **C** આકારના અર્ધગોળ બાંધકામ ને બદલે **L** આકારના કાટખૂણે બાંધકામ કર્યુ હોય તેની યાદી આપવી. વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૩/૨૦૧૦–૧૧.

શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદની તા.૧૮–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ વેસ્ટઝોનના વિસ્તારમાં રોડ સાથે જગ્યા છોડયા વગર છેલ્લા પાંચ વર્ષમાં જેટલા બાંધકામ થયા તેની યાદી આપવી. મુદ્દા નં.ર વેસ્ટઝોનના વિસ્તારમાં જયાં **L** આકારના બે રોડ આવતા હોય ત્યાં છેલ્લા પાંચ વર્ષમાં **C** આકારના અર્ધગોળ બાંધકામ ને બદલે **L** આકારના કાટખૂણે બાંધકામ કર્યા હોય તેની યાદી આપવી. વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૩ તા.૧૦–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)તથા અરજદારનેઅપીલ કર્યા બાદ જાહેર માહિતી અધિકારી તરફથી જો કોઈ માહિતી મળી હોય તો તે તથા તેઓની જાણ હેઠળ તબદીલી થઈ હોય તો તેની નકલ રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૨૫ તા.૧૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની તા.૧૮–૧–૧૧ ની માહિતી માંગતી મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૪૨ તા.૧૭–૨–૧૧ ના પત્રની નકલ તથા અરજદારે તા.૧૪–૩–૧૧ ના રોજ તેમની તા.૧૮–૧–૧૧ ની આઈ ડી નં.૪૨૮ ની અરજીઓની માહિતી મળી ગયેલ હોઈ અરજીઓ તથા અરજી સામે કરેલ અપીલ અરજીઓ તથા ગુજરાત માહિતી આયોગને કરેલ અપીલ અરજીઓ રદ ગણવી તેવું જણાવતા પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. અરજદારને અપીલ તબકકે અપીલ કર્યા બાદ જાહેર માહિતી અધિકારી તરફથી જો કોઈ માહિતી મળી હોય તો તથા આપની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો નકલ રજૂ કરવા તેમજ અપીલ અરજીનો નમુના–ચ નિર્દિષ્ટ વિગતે ફોર્મ ભરી મોકલવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી તેવી કોઈ પણ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. વધુમાં અરજદારે આઈ ડી નં.૪૨૮ તા.૧૮–૧–૧૧ થી કરેલી અરજી બાબતે માહિતી મળી ગયેલ હોઈ તેવું જણાવી તેની સામે કરેલ અપીલ અરજી અને ગુજરાત રાજય માહિતી આયોગને કરેલ અરજીઓ રદ પાત્ર ગણવા તા.૧૪–૩–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને આપેલ અરજીની નકલ અત્રે રજૂ કરેલ છે. આથી અરજદારની કોઈ તકરાર રહેતી નથી.

અરજદારની તા.૧૮–૧–૧૧ ની અરજીથી નવા બાંધકામ મેઈનરોડને અડીને થતા હોય તે રોડથી ૩ થી ૫ ફુટ છોડીને બાંધકામ કરવા કોમર્શીયલ બિલ્ડીંગમાં ફરજીયાત પાર્કીગ રાખવા અને જયાં **L** આકારના બે સાઈડના રોડ આવતા હોય ત્યાં છેલ્લા પાંચ વર્ષમાં **C** અર્ધગોળ રાખવો. પરંતુ વેસ્ટઝોનમાં નિયમોની ઐસીતૈસી કરીને બે રોકટોક રોડ સાથે જગ્યા છોડા વગર કાટખૂણે બાંધકામકરી તથા પાર્કીગમાં પણ ફલેટ ઠોકી દે છે તેવું જણાવી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૪૨ તા.૧૭–૨–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી મુગલીસરાને ૪૫ દિવસમાં કોઈ જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૧–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેની એક નકલ મ્યુ. કમિ.અને એક નકલ અગ્રસચિવશ્રી અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરને તથા એક નકલ જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને પણ મોકલવામાં આવેલ તેવું નિર્દિષ્ટ કરેલ છે. અરજદારની અરજી મુદ્દા નં.(૧) વેસ્ટઝોનના વિસ્તારમાં રોડ સાથે જગ્યા છોડયા વગર છેલ્લા પાંચ વર્ષમાં જેટલા બાંધકામ થયા તેની યાદી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન વિસ્તારમાં રોડ સાથે જગ્યા છોડયા વગર છેલ્લા પાંચ વર્ષમાં જેટલા બાંધકામ થયા તેની યાદી રાંદેરની ઝોન કચેરીએ રૂા.ર/– ભરપાઈ કરી

ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) વેસ્ટઝોનના વિસ્તારમાં જયાં L આકારના બે રોડ આવતા હોય ત્યાં છેલ્લા પાંચ વર્ષમાં C આકારના અર્ધગોળ બાંધકામ ને બદલે L આકારના કાટખૂણે બાંધકામ કર્યા હોય તેની યાદી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન વિસ્તારમાં જયાં L આકારના બે રોડ આવતા હોય ત્યાં છેલ્લા પાંચ વર્ષમાં C આકારના અર્ધગોળ બાંધકામ ને બદલે L આકારના કાટખૂણે બાંધકામ કર્યા હોય તેની યાદી રાંદેરઝોનની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સુમપાના વેસ્ટઝોનના વિસ્તારમાં કોમર્શીયલ બિલ્ડીંગ ફરજીયાત પાર્કીંગ રાખવાની હોય શરૂના એક વર્ષ પાર્કીંગ રાખી પાછળના ફ્લેટો બનાવી વેચી મારવામાં આવે છે તેવા બાંધકામની યાદી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપાના વેસ્ટઝોનના વિસ્તારમાં કોમર્શીયલ બિલ્ડીંગ ફરજીયાત પાર્કીંગ રાખવાની હોય, શરૂના એક વર્ષ પાર્કીંગ રાખી પાછળના ફ્લેટો બનાવી વેચી મારવામાં આવે છે તેવા બાંધકામની યાદી રાંદેરની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારની અપીલ અરજીમાં ૪૫ દિવસે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ૩૧ મા દિવસે નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે આથી માહિતી નહીં મળ્યા અંગે અપીલમાં વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગેલ માહિતી મળી ગયેલ હોઈ અરજદારની તા.૧૪–૩–૧૧ ની અરજીથી સદર અરજી સામે ની અપીલ અરજી તથા રાજય માહિતી આયોગને કરેલી અપીલ અરજી રદ ગણવાનું જણાવેલ છે જે ધ્યાને લેતાં અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સૈયદ ફરીદ ગુલામ મોહંમદ,